Extra No. 217

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, JUNE 18, 2025 / JYAISTHA 28, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/ ૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫

(૨) અત્રેની કચેરીની રાજ્ય ચૂંટણી આયોગ શાખાના શેરા ક્રમાંક: રાચઆ-ખકમ-વશી-૨૦૧૧-૨૦૨૫, તા.૧૬/૦૬/૨૦૨૫

(૩) રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી, રાજપીપળાના પત્ર ક્રમાંક: રાચુઆ/ગ્રા.પં./વશી/૨૦૧/૨૦૨૫, તા.૧૨/૦૬/૨૦૨૫

(૪) રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી, દેડીયાપાડાના પત્ર ક્રમાંક: રાચુંઆ/વશી/૬૨૭/૨૦૨૫, તા.૧૨/૦૬/૨૦૨૫

(૫) સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક: જી.જી./૭૬/સીઆરપીસી/૩૧૧૨/ ૫૯૩/મ, તા. ૧૮/૧૦/૨૦૧૨

(૬) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૫

જાહેરનામું

વિષય :- ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ - ૨૦૨૫ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો એનાયત કરવા બાબત.

ક્રમાંક: એમએજી/વશી/ ૭૨૨૬-૫૫/૨૦૨૫ રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા વંચાણ-(૧)ની અખબારીયાદીથી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા. ૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી, રાજપીપળા દ્વારા વંચાણ-(૩) અને રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી, દેડીયાપાડા દ્વારા વંચાણ-(૪)ના પત્રથી ઉપરોક્ત ચૂંટણીની કામગીરી માટે નિમણૂંક આપવામાં આવેલ ચૂંટણી અધિકારીઓ અને ઝોનલ અધિકારીઓને ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના વંચાણ-(૫)ના જાહેરનામાથી રાજયમાં જ્યારે જ્યારે ભારતના ચૂંટણીપંચ દ્વારા લોકસભા કે રાજય વિધાનસભાની ચૂંટણી જાહેર થાય તથા રાજ્ય ચૂટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ જાહેર થાય ત્યારે તે અંગે બહાર પાડવામાં આવતા જાહેરનામાની તારીખથી મેજીસ્ટ્રીયલ પાવર ધરાવતા ન હોય તેવા ચૂંટણી અધિકારીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ, ઝોનલ ઓફિસરશ્રીઓ, વિવિધ કામગીરી માટે નિયુક્ત નોડલ ઓફીસરશ્રીઓ, ફલાઈંગ સ્કવોડ તથા સ્ટેટીક સર્વેલન્સ ટીમમાં નિયુક્ત તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને ચૂંટણી કામગીરી માટે નિયુક્ત કરવા જણાય તે રીતે નિયુક્ત કરવામાં આવે તેવા તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા તેમની જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૪૪, ૧૦૩, ૧૦૪, ૧૨૯ અને ૧૪૪ ના અધિકારો ચૂંટણીની જાહેરાત થયા તારીખથી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધીના સમયગાળા માટે આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ભારત સરકારના Ministry of Law and Justice (Legislative Department)ના તા.૨૫/૧૨/૨૦૨૩ ના ગેઝેટથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની જગ્યાએ તા.૦૧/૦૭/૨૦૨૪ થી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની જોગવાઈઓ અમલમાં આવેલ છે.

ઉપરોક્ત વિગતોએ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ - ૨૦૨૫ ની કામગીરી માટે આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

// **હુકમ** //

આથી આગામી સમયમાં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ - ૨૦૨૫ ની કામગીરી મુક્ત અને ન્યાયી રીતે કરી શકાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણપણે નિયંત્રણ રાખી શકાય તે હેતુથી ઉપરોક્ત ચૂંટણીની કામગીરી માટે નિમણૂંક આપવામાં આવેલ તમામ ચૂંટણી અધિકારીઓ અને ઝોનલ અધિકારીઓને જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે નિમણૂંક કરવામાં આવેલ હોય, તે વિસ્તાર અને સમયગાળા માટે આ હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધીના સમયગાળા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૫ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ જાહેર કરી, સદરહુ અધિનિયમ તળેના નીચે મુજબના અધિકારો એનાયત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

ક્રમ	**કલમ**	**વિગત**
૧	૪૧	મેજીસ્ટ્રેટે પકડવા બાબત. (Arrest by Magistrate)
૨	૧૦૮	પોતાની હાજરીમાં જડતી લેવાની મેજીસ્ટ્રેટની સત્તા. (To direct search in his presence)
૩	૧૦૯	થયેલા દસ્તાવેજ વગેરે કબજે લેવાની સત્તા. (Power to impound any documents and things)
૪	૧૪૮	મુલકી દળનો ઉપયોગ કરીને મંડળીઓ વિખેરવા બાબત. (Dispersal of assembly by use of civil force)
૫	૧૬૩	ત્રાસદાયક બાબતો કે ભયના સંદેશાના તાકીદ સંજોગોમાં હુકમ કરવાની સત્તા. (To issue temporary orders in urgent cases of nuisance or apprehended Danger)

વધુમાં, ચૂંટણી અધિકારીઓ અને ઝોનલ અધિકારીઓની નિમણૂંકમાં ફેરફારના પ્રસંગે નવી નિમણૂંક પામેલ સેક્ટર/ઝોનલ અધિકારીશ્રીને પણ આ હુકમ લાગુ પડશે.

નર્મદા-રાજપીપળા, તા.૧૭મી જુન, ૨૦૨૫.

એસ. કે. મોદી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.06.26 13:28:05 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara